મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૪૩ ટકા
ગાંધીનગર તાપમાન

આજે શહેરમાં જગદંબા પ્રાગટોત્સવ ઉજવાશે

જય અંબે પરિવાર દ્વારા પોષી પૂનમ નિમિત્તે શતકભોગ અન્નકૂટ કાર્યક્રમ : રકતદાન શિબિરનું પણ આયોજન

ગાંધીનગર, તા.૧

'જય અંબે પરિવાર-ગાંધીનગર' દ્વારા સતત ૧૫ વર્ષથી પોષી પૂનમના દિવસે અન્નકૂટનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ મા જગદંબા પ્રાગટય મહોત્સવ અંતર્ગત શતક ભોગ અન્નકૂટ કાર્યક્રમ તા. ૨-૧-૨૦૧૮ને મંગળવારે સવારે શકિતચોક, સેકટર-૧૩-બી-ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યો છે. સતત ૨ દિવસથી મહિલાઓ દ્વારા મીઠાઈ, ફરસાણ સહિત અનેક વાનગીઓ બનાવવામાં આવી રહી છે. મંગળવાર સવાર સુધીમાં લગભગ ૧૫૧ જેટલી વાનગીઓ અન્નકૂટ અર્પણ માટે તૈયાર થઈ જશે. મા જગદંબાનું પૂજન કર્યા પછી ૯ વાગે અન્નકૂટ અર્પણવિધિ કરવામાં આવશે. ભકિતવંદના, થાળ-ગાન તથા મહાઆરતી કર્યા બાદ ભોજન પ્રસાદ આપવામાં આવશે.

જય અંબે પરિવાર દ્વારા ૧૧ વાગ્યે 'રકતદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. જય અંબે પરિવાર દ્વારા વર્ષ દરમિયાન ગાંધીનગરથી અંબાજીની પદયાત્રા, વ્યસનમુકિત શિબિર, રકતદાન શિબિર, શતકભોગ અન્નકૂટ મહોત્સવ, ધાર્મિક પ્રવાસ, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

મંગળવારે રકતદાન શિબિર બાદ ભકિતવંદના સામૂહ સ્વાધ્યાય, આરતી તથા આનંદના ગરબાનું પણ આયોજન કરાયુ છે. આ સમગ્ર કાર્યક્રમનો ભકિતપ્રેમી જનતા લાભ લેશે.

દિવ્યાંગ બાળકોના ટેલેન્ટ શો થકી યુવાનોએ ઉજવી સાચી "થર્ટી ફર્સ્ટ"

સતત ત્રીજા વર્ષે દિવ્યાંગ તથા સ્પેશીયલ બાળકો ઉપરાંત વૃધાશ્રમના વડીલોને સાંકળી લેતો અનોખો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન દ્વારા સતત ત્રીજા વર્ષે પણ તા. ૩૧મી ડિસેમ્બરના રોજ "ઉજવણી-૨૦૧૭" કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સેક્ટર-૧૬ના રંગમંચ ખાતે બપોરે ૨.૦૦ કલાકથી યોજાયો હતો જેમાં શહેરની વિવિધ ૧૨ સંસ્થાઓમાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકો તથા સ્પેશીયલ ચિલ્ડ્રન હોમના બાળકોનો ટેલેન્ટ શો યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરના વૃદ્ધાશ્રમના વડીલોને પણ નિહાળવા ખાસ ઉપસ્થિત રાખવામાં આવ્યાં હતા. બાળકોએ એકમેકથી ચઢિયાતી કૃતિઓ પ્રસ્તુત કરી હતી.

આ કાર્યક્રમમાં શહેરની આશરે ૧૨ જેટલી વિવિધ સંસ્થાઓના દિવ્યાંગ બાળકો જેમાં મૂક-બધીર, પ્રજ્ઞાચક્ષુ, માનસિક વિશેષ, વિકલાંગ તથા અનાથ અને સ્પેશીયલ ચિલ્ડ્રન હોમના બાળકોએ ભાગ લીધો હતો જેમણે સિંગિંગ, ડાન્સ, ગરબા સહિતના નયનરમ્ય અને મનોરંજક પરફોર્મન્સ આપ્યાં હતા. તમામ બાળકોને પ્રોત્સાહન ઈનામ ટ્રોફી આપી પ્રોત્સાહિત કરાયાં હતા. કાર્યક્રમના અંતે તમામ દિવ્યાંગ બાળકો, સ્પેશીયલ ચિલ્ડ્રન, વડીલો અને શહેરની ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરીયાતમંદ વર્ગના બાળકો મળીને ૧૫૦૦ વ્યક્તિઓને ભોજન કરાવાયુ હતુ. કાર્યક્રમનો ઉદ્દેશ માત્ર આ બાળકો તથા વડીલોને પણ "થર્ટી ફર્સ્ટ"ની ઉજવણીનો આનંદ અપાવી તેમના ચહેરાં પર સ્મિત રેલાવવા ઉપરાંત શહેરના યુવાનોને "થર્ટી ફર્સ્ટ"ની સાચી ઉજવણીનો મહીમા સમજાવવાનો હતો. આ કાર્યક્રમ હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન ધ્વારા આપણું ફાઉન્ડેશન, હેપ્પી યુથ ક્લબ, ગૂંજ ફાઉન્ડેશન, થીંક પોઝીટીવ, ઈટરેશન ટેકનોલોજી, આરંભ અકાદમી, શ્યોર પેથોલોજી લેબ, વિહાન ઓવરસીઝ અને વર્લ્ડ ઈનબોક્સ એકેડેમીના સહયોગથી કરવામાં આવ્યું હતુ.

પુષ્પવર્ષા સાથે નૂતનવર્ષના પ્રથમ સૂર્ય કિરણો વધાવાયા

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ લાયન્સનો નવતર પ્રયોગ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં વર્ષ૨૦૧૮ને ભારે ઉત્સાહપૂર્વક આવકારવામાં આવ્યું હતું. શહેરમાં પ્રતમવાર ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર સંસ્થાએ ભારતીય સંસ્કૃતિ મુજબ અંગ્રેજી નૂતનવર્ષને આવકારવાનો ઉપક્રમ હાથ ધર્યો હતો. આ મુજબ સંસ્થાના સભ્યોએઆજે વહેલી સવારે નૂતન વર્ષના પ્રખણ સૂર્ય કિરણોને વેદોકત મંત્રોચ્ચાર સાથે પુષ્પવર્ષા કરી વધાવ્યા હતા. આ કાર્યક્રમ શહેરના સુપ્રસિધિધ પંચેદેવ મંદિરના પ્રાંગણમાં યોજાયો હતો.

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર કલબ દ્વારા નવા વર્ષના વધામણા માટે યુવાનોને એક નવો સંદેશ મળે તે હેતુથી, અને આવનાર ૨૦૧૮ ના વર્ષને આવકારવા એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો. અને ભારત દેશ વિવિધતામાં એકતા માટે પ્રખ્યાત છે તે સંદેશ આ કાર્યક્રમથી પાઠવવા પ્રયાસ કરાયો હતો.

ભારતીય સંસ્કૃતિ મુજબ, ધાર્મિક રીતે તા. ૧/૧/૨૦૧૮, સોમવારના રોજ સ્વર્ણિમ સંસ્થાએ પંચદેવ મંદિરના પટાગણમાં ઓમકાર તથા ગાયત્રી મંત્રી બોલી,

સેકટર -૨૨, પંચદેવ મંદિર ગાંધીનગર, ખાતે નવલા વર્ષને મંગલમયી બનાવવા આવી પહોંચેલા સૂર્યદેવના પ્રથમ કિરણોની આરાધના કરી વધાવ્યુ હતું. બ્રહ્માકુમારી કૈલાશદીદીના સુંદર પ્રવચનથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. સૂર્યદેવના ૧૨ નામો તથા મંત્રો ઉચ્ચાર કરી ઉગતા સૂર્યદેવની પૂજા કરવામાં આવી હતી.

જેમાં બ્રહ્માકુમારીનો કૈલાશદીદી તથા તેમના અનુયાયીઓ, પતંજલિના યોગ સમિતિ ગાંધીનગરના યોગાચાર્ય કાનજીભાઈ બાવરી તથા તેમના અનુયાયીઓ, વી.કેર ફાઉન્ડેશનના જે.સી.પટેલ તથા રાધિકા ફર્નિચરના માલિક રાધેશ્યામભાઈ યાદવ, યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના હાર્દિકભાઈ તલાટી, ઈ.લા. સ્વર્ણિમના પ્રમુખ કુંપલબેન, ઉપપ્રમુખ ઉદયભાઈ પાંભર, સમાજસેવક સુકેતુ મહેતા તથા સંસ્થાના સભ્યોએ ભારતીય સંસ્કૃતી મુજબ નવા વર્ષને વધાવ્યુ હતું.

ફેકલ્ટી ઓફ એજયુકેશનના તાલીમાર્થીઓ સાયન્સ સીટીની મુલાકાતે

ગાંધીનગર, તા.૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશનની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન અને આર.એચ. પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ. કોલેજ તેમજ વકીલ ડી.એચ. પટેલ ડીપાર્ટમેન્ટ ઓફ એજયુકેશન સે-૨૩, ગાંધીનગરની કોલેજોના તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ તા. ૩૦-૧૨-૧૭ના રોજ અમદાવાદ ખાતે આવેલ સાયન્સ સીટીની મુલાકાત લીધી હતી.

તાલીમાર્થીઓએ આ વિઝીટ દરમિયાન સાયન્સ સીટી ખાતે યોજાયેલ ૨૫મા નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ ફેરમાં વિવિધ મોડેલોનું નિરીક્ષણ કર્યું હતું. ઉપરાંત હોલ ઓફ સ્પેસ એન્ડ સાયન્સ, જુદા જુદા વૈજ્ઞાનિકો વિશેની માહિતી, ચિલ્ડ્રન એકટીવીટી સેન્ટર, અણુ ઉર્જા વિશેની વિવિધ માહિતી, એકિઝબીશન હોલ, લાઈફ સાયન્સ પાર્ક વિવિધ જીવોની જીવન શૈલી વિગેરે વિશેની માહિતી મેળવી હતી.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠકનું આયોજન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની જાન્યુઆરી ૨૦૧૮ની કાર્યવાહક સમિતિની માસિક બેઠક તા. ૪-૧-૨૦૧૮ને ગુરુવારે યોજાશે. આ બેઠક સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે ૪ વાગે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સેકટર-૨૨ ખાતે યોજાશે. આ બેઠકમાં અગત્યની ચર્ચા વિચારણા કરવામાં આવશે. જેમાં સંસ્થાના તમામ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને અચુક હાજર રહેવા જણાવવામાં આવે છે.

આપણી સંસ્કૃતિમાં ભૂખ્યાંનો જઠરાગ્નિ ઠારવો એ સૌથી મોટી સેવા ગણાય છે. શહેરની ઉડાન ફાઉન્ડેશન દ્વારા આ હેતુસર સેકટર-૧૬માં ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના બાળકોને બટાકાપૌંઆનો નાસ્તો કરાવવાનો સેવા ઉપક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. સંસ્થાના કલ્પેશભાઈ જોશી તરફથી આયોજિત આ સેવાકાર્યમાં આશરે ૧૫૦ જેટલા બાળકોને બટાકાપૌંઆનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સદકાર્યમાં વિશાલ થોરાત, ગિરીશસિંહ વાઘેલા, હરેન્દ્રસિંહ, રાજુભાઈ મકવાણા, સંકેત ગોર તથા વિજયસિંહ માજીરાણા સહિતના સ્વયંસેવકો જોડાયા હતા.

@ગાંધીનગર

● ભોળાભાઈ પી. પટેલ કોલેજ ખાતે તા. ૨, ૩, ૪ દરમિયાન અકસ ૨૦૧૮ અને આઈ.ટી. ફેર સવારે ૯ થી ૨ દરમિયાન યોજાશે.

● પ્રેરણા પ્રગતિ મંડળ સંચાલિત લિંબચધામ સે-૧૩ ખાતે મહાઆરતી સાંજે ૬.૦૦ કલાકે યોજાશે.

● શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા મા જગદંબાના પ્રાગટય મહોત્સવમાં સવારે ૮ કલાકે પૂજન કરાશે. ત્યારબાદ દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાશે.

● વંદે માતરમ્ પરિવાર દ્વારા આનંદનો ગરબો બપોરે ૩.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન જયાબેન પટેલ, દ્વારકેશ પ્લોટ નં. ૨, સે-૨૮ ખાતે યોજાશે.

● મા મેલડી ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો સેકટર-૩-સી શકિત ચોક મંદિરમાં બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો પન્નાબેન જી. ત્રિવેદી પ્લોટ નં. ૧૦૧૧/૨, સે-૪-એ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો રતિલાલ ગજ્જર સરદાર હાઉસિંગ સોસાયટી, બ્લોક નં. ૧/૧૧, એચઆઈજી, સે-૧૪ ખાતે રાત્રે ૮ થી ૧૧ કલાક દરમિયાન યોજાશે.

આજે કોબા સ્થિત હજરત કાદરશાવલીનો ઉર્સ મુબારક

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના કોબા ગામે આવેલ હઝરત કાદરશાવલી દરગાહ શરીફનો ઉર્સ મુબારક તા. ૨જી જાન્યુઆરીના રોજ મનાવવામાં આવશે. આ પ્રસંગે ગામમાંથી નિશાન સાથે જુલુસ નીકળી દરગાહમાં પહોંચશે. ત્યાં સંદલ મુબારક બાદ ચાદર પેશ કરવામાં આવશે. ઉર્સ મુબારકમાં આમ ન્યાજનું આયોજન કરાયું છે. આ પ્રસંગે ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા દરગાહના ખિદમતગાર ઈનુસભાઈ મનસુરીએ જણાવ્યું છે.

વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પલિયડ ગામમાંથી ચાર મહત્વના રાજકીય સ્થાનો પર ગામના નાગરિકો પહોંચ્યા છે. આ ચાર સ્થાનોમાં સાબરમતીના ભાજપના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, માણસાના કોંગ્રેસના ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, અમદાવાદના સાંસદ પરેશ રાવલ અને ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભરત પટેલનો સમાવેશ થાય છે.

● પાટનગર યોજના ભવનના કાર્યાલયમાં તદ્દન નવી નક્કોર ટયુબલાઈટો લગાડવામાં આવી છે. કર્મચારીઓ વધુ સારી રીતે કાર્ય કરી શકે તે માટે કાર્યાલયમાં વિવિધ નવીન ઉપકરણો પણ મુકવામાં આવ્યા છે.

● સ-૧૭ના એકિઝબીશન હોલ તરફથી ઘ માર્ગ તરફ જવાના માર્ગ પરની ફેન્સિંગ તુટી જવા પામી હતી. જેના કારણે વન વિભાગની જગ્યામાં નુકશાન થઈ રહ્યું હતું. વન વિભાગ દ્વારા તુટી ગયેલ ફેન્સિંગનું મરામત કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

ચિરવિદાય

● સ્વ. હિરાબેન પશાભાઈ રાવલ, ઉ.વ. ૯૦

લવારપુરમાં વડીલો આધુનિક ટેકનોલોજીના માર્ગે

આંગળીના ટેરવે મળતી જાણકારીથી સતત માહિતગાર થવા વડીલો કોમ્પ્યુટર તથા સ્માર્ટફોનનો ઉપયોગ શીખી રહ્યા છે : તાલીમ કેન્દ્રમાં સતત હાજર રહી ઉત્સુકતા દર્શાવતા વડીલો

ગાંધીનગર, તા.૧

આધુનિક ટેકનોલોજીનો માનવીય જીવનની દિનચર્યામાં મોટા પાયે ઉપયોગ થઈ રહ્યો છે. વિશ્વભરના લોકો હવે કોમ્પ્યુટર અને સ્માર્ટફોનના સહારે પોતાના તમામ વ્યવહારો કરતા થઈ ગયા છે અને દિન પ્રતિદિન પેપરલેસ વર્કનું પ્રમાણ વધી રહ્યું છે. દુનિયાના આ કદમથી કદમ મિલાવવા ભારતે પણ કમર કસી છે જેમાં હાલ યુવા વર્ગ વધુ સક્રિય છે ત્યારે ગાંધીનગરના લવારપુર ગામે વડીલોએ પણ આધુનિક ટેકનોલોજીમાં ઉત્સુકતા દર્શાવી છે અને કોમ્પ્યુટર તથા સ્માર્ટફોનના ઉપયોગ માટે તાલીમ લઈ રહ્યા છે. વડીલો તરફથી ઢળતી ઉંમરે પણ સમય સાથે તાલ મિલાવવાની કટિબધ્ધતાથી કામગીરીમાં ઝડપ આવશે અને વિશ્વભરમાં ભારતનું સ્થાન વધશે તેવી આશા જાગૃત થઈ છે.

ગાંધીનગરથી તદ્દન નજીક આવેલા લવારપુર ગામે સીનીયર સીટીઝનો કોમ્પ્યુટર તથા સ્માર્ટફોનનું જ્ઞાન મેળવવા તાલીમમાં જોડાયા છે. વડીલની આ પહેલ આવકારદાયક બની છે. આ અંગે ગામના સક્રીય વડીલ રમણભાઈ એમ. પટેલે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું છે કે આધુનિક ટેકનોલોજીનોથી રહેલો ભરપુર ઉપયોગ અને કામગીરીમાં આવતી ઝડપ અંગેની વડીલોને જાણકારી આપ્યા બાદ ગામના અઢાર જેટલા વડીલોએ આધુનિક ટેકનોલોજીના ઉપયોગની ઉત્સુકતા દર્શાવી હતી. જે અંગેની તાલીમ માટે ગામમાં આવલ હાઈસ્કુલના તાલીમ કેન્દ્રમાં નજીવી ફી ચુકવી આ વડીલો હાલ તાલીમ લઈ રહ્યા છે. કોમ્પ્યુટર અંગેના બેઝીક જ્ઞાન તેમજ સ્માર્ટ ફોનનો ઉપયોગ અને ફોનના ઉપયોગી ફંકશનો વિષે માહિતગાર કરવામાં આવી રહ્યા છે. શાળાના તાલીમ કેન્દ્રમાં ૨૫ કોમ્પ્યુટર છે અને આ વડીલોને સવારે ૮ થી ૯.૩૦ દરમિયાન સોમથી શુક્ર તાલીમ અપાઈ રહી છે.

વડીલો પણ ભારે ઉત્સુકતાથી તાલીમ લઈ રહ્યા છે. આંગળીના ટેરવે મળતી તમામ માહિતીથી સતત વાકેફ રહેવા આ વડીલોએ જે ધગશ દર્શાવી છે તે યુવાનોને પણ શરમાવે તેવી છે. તાલીમ કેન્દ્રમાં સતત હાજર રહી ટેકનોલોજીને અપનાવવાની વડીલોની આ પહેલ આધુનિક ભારતને વિશ્વકક્ષાએ પહોંચવામાં હરણફાળ સમાન છે.